## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, આજે એપ્રિલ ફુલ ડે છે...
ભાષણની સ્ક્રીપ્ટની જરૂર નથી... તમારી સ્ટાઇલમાં બોલી દો...!

# રીક્ષામાં બેસાડી મુસાફરોના ખીસ્સા હળવા કરતી ગેંગનો સભ્ય ઝડપાયો

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી નજર ચુકવી રૂપીયા સેરવી લેતી ટોળકીનો એક સભ્ય નાગરીકોના હાથે ઝડપાઈ ગયો છે. જયારે બીજા ત્રણ સભ્યો ભાગી જવામાં સફળ થયા છે. ત્યારે મુસાફરને રીક્ષામાં બેસાડી નજર સેરવી લઈ રૂ.૧૦ લઈ લેતા મુસાફરને જાણ થતા હોહા કરી મુકતા ચાલક પકડાઈ ગયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના જાસપુર ગામના દંતાણી વાસ ખાતે રહેતા બળદેવભાઈ ઈશ્વરભાઈ દંતાણી એકટીવાની ખરીદી માટે રૂ.૧૦ લઈ સેકટર-૨૧ હોન્ડાના શો-રૂમ ખાતે આવ્યા હતા.જો કે જરુરી ડોક્યુમેન્ટ ન હોવાથી લોન થઈ શકી ન હતી. જેને પગલે તેમનો ભત્રીજો તેઓને ઘ-૬ ખાતે મુકી ગયો હતો. બળદેવભાઈ રીક્ષામાં બેસી જાસપુર જવા માટે રવાના થયા હતા. ત્યારે રીક્ષામાં અગાઉથી જ ત્રણ શખ્સો મુસાફર બનીને ગોઠવાઈ ગયા હતા.ત્યારે ઘ-૬ થી ગ-૬ તરફ જતી રીક્ષામાં એક શખ્સ ચાલુ રીક્ષામાં આગળ ડ્રાઈવરની બાજુમાં બેસી ગયો હતો. ત્યારબાદ બળદેવભાઈની આસપાસ બે શખ્સો બેસી ગયા હતા. થોડીવાર પછી ડ્રાઈવર પાસે બેઠેલો શખ્સ પરત પાછળની સીટમાં આવી ગયો હતો. રીક્ષા આરાધના સ્કુલ પાસે પહોંચતા બળદેવભાઈએ ખીસ્સુ ચેક કરતા પૈસા ગાયબ હતા. જેથી બળદેવભાઈને ખ્યાલ આવી ગયો કે આ ત્રણમાંથી કોઈએ નજર સેરવી લઈને પૈસા લઈ લીધા છે.જેથી તેઓએ એક શખ્સને પકડી પાડી બુમાબુમ કરીને હોબાળો મચાવતા ડ્રાઈવરને કહીને રીક્ષા ઉભી રખાવી હતી. ત્યારે ગણતરીના સમયમાં બે શખ્સો રૂપીયા નાંખીને ત્રીજા શખ્સને છોડાવી નાસી ગયા હતા. આ સમયે રાહદારીઓ પણ મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જેથી રીક્ષા ચાલક પણ ભાગવા જતા બળદેવ ભાઈ અને અન્ય નાગરીકોએ તેને પકડી પાડ્યો હતો. રીક્ષાની તલાશી લેતા તેમાંથી રૂ.૫૨૦૦ મળી આવ્યા હતા. જયારે બાકીના પૈસા ત્રણેય શખ્સો લઈ નાસી ગયા હતા. પકડાઈ જતા નાગરીકોએ રીક્ષાચાલકની પુછતાછ કરતા તેણે પોતાનુ નામ પૂનમ નરેશ દંતાણી (રહે.પાલનપુર) હોવાનું કહ્યું હતું. જયારે પોલીસને બોલાવી આ શખ્સને સોંપી દેતા પોલીસે ગુનો નોંધી ફરાર ત્રણ આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સહયોગ સંકુલના પાર્કિંગમાં પાર્ક કરેલી બીએમડબલ્યુંના બે ટાયર-ટેપની ચોરી

ગાંધીનગર, તા.૩૧

રાજયના વડોદરા અને ભરૂચ શહેરમાં માર્કેટીગ સ્કિમના નામે રૂ.૪૪૬ કરોડનું કૌંભાડ સામે આવ્યું હતું. આ કૌંભાડને પગલે વર્ષ ૨૦૨૦ માં ગુનો નોંધાયો હતો.આ ગુનાના આરોપી દિલિપ બાબુલાલ જૈનની મોંઘીદાટ બીએમડબલ્યું કાર જપ્ત કરાઈ હતી. શહેરના સેકટર-૧૧ સહયોગ સંકુલ ખાતે ખુલ્લા પ્લોટમાં ગુનાના વાહનો મુકવામાં આવે છે.જયારે બીએમડબલ્યું વર્ષ ૨૦૨૦ ઓકટોબર માસમાં મુકવામાં આવી હતી. ત્યારે ગત તા.૨૬ માર્ચના રોજ કારના બે ટાયર અને એલઈડી ટેપની ચોરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. પાર્કિંગમાં પાર્ક કરેલી ગાડીમાંથી બે ટાયરો અને ટેપની ચોરી થતા સીઆઈડી ક્રાઈમના આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ રાજેન્દ્ર દેસાઈ એ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. રૂ.૨૦ હજારની કિંમતના બે ટાયર અને રૂ.૫ હજારની ટેપ મળી કુલ રૂ.૨૫ હજારની મત્તાની ચોરી થતા પોલીસે અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજે સમાપ્ત થયુ છે.
- ધી ગુજરાત સચિવાલય ફેડરેશન ૧લી એપ્રિલથી તમામ કર્મચારીઓને જુની પેન્શન યોજનાના અમલની માંગને લઈ કાળી પટ્ટી ધારણ કરવાના આદેશો આપ્યા છે.
- ગુજરાતના વધુ એક આઈએએસ અધિકારી દિલીપ રાણા કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના અંગત સચિવપદે પસંગી પામતા દિલ્હી જશે.
- વિધાનસભાનું સત્ર પૂર્ણ થયા બાદ ફરી એકવાર આઈપીએસ અધિકારીઓની બદલીની વાતોએ જોર પકડ્યુ છે.
- ગાંધીનગરમાં ગરમીનું પ્રમાણ વધતાં લોકોને કપાયેલા વૃક્ષોની યાદ તાજી કરી અને નિસાસા નાખી જતા જોવા મળ્યા છે.
- શહેરમાં પેયજળનો પુરવઠો તેના નિયત સમય સુધી પણ નહિ અપાતો હોવાની ફરિયાદો ઉઠી છે.
- જિલ્લાની આયોજન કાર્યવાહક સમિતિની આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળશે.
- પ્રભારી સચિવ મિલિન્દ તોરવણેના અધ્યક્ષપદે શહેરી વિસ્તારની આસપાસના ગામોમાં સ્વચ્છતા અભિયાનને લઈ ખાસ બેઠક કલેક્ટર કચેરીમાં મળી હતી.
- દર બુધવારે મળતી રાજ્યમંત્રી મંડળની બેઠક આજે સવારે ૮ વાગે મળી હતી આને લઈ પાટનગરમાં રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે.

## સંકુલ સાદરામાં પારિવારિક સંવાદ યોજાયો



ગાંધીનગર, તા. ૩૧

સત્ય અને અહિંસાના ઉદ્દેશ સાથે શરૂ કરાયેલી મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલમાં પારિવારિક સંવાદ કુલપતિજી ડૉ. ઈલાબેન ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાયો. જેમાં બી.એ., એમ.એ. વિભાગ, વ્યાયામ વિભાગ, શૂક્ષ્મજીવાણું વિજ્ઞાન વિભાગ, પંચાયતીરાજ તાલીમ વિભાગના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સેવકો ઉપસ્થિત રહ્યા હતા. કુલ સચિવ ડૉ. નિખિલ ભટ્ટે પાવર પ્રોજન્ટેશન દ્વારા કેટલાક સેવકોના મનમાં રમતા ખોટા ખ્યાલો દૂર કરવાનો પ્રયત્ન કર્યો. કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ કેટલાક સેવકોની ગેરમાન્યતાઓ અંગેની વિગતે ચર્ચા કરી. સત્ય અને અહિંસાને મહત્વ આપતી ગૂજરાત વિદ્યાપીઠના સેવકો સામે આવી ખુલ્લી ચર્ચા કરી કરે તેવું આહાવન કરાયુ. સભા સંચાલન સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલે કરતાં જણાવ્યું કે ૨૦૦ મણ જુવારના ઢગલામાં જૂવારના ચાર દાણા અંગારિયાવાળા હોય તો તેને વીણી લેવા જોઈએ જેથી જુવારના ઢગલાને બગાડે નહીં. આભારદર્શન સિનિયર પ્રાધ્યાપક ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ કર્યું.

## આઝાદીના અમૃત મહોત્સવે જો મને ગાંધી મળે તો વિષયક વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા. ૩૧

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવે જો મને ગાંધી મળે તો વિષયક વ્યાખ્યાન વિદ્યાર્થીની દિશા પ્રજાપતિએ કર્યુ. સંકુલ સંયોજના પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબે પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટે કાર્યક્રમનું આયોજન કર્યુ. સોનલ મછારે આભારદર્શન કર્યુ.

# ધણપ પાસે બ્રેઝા કાર ઝાડ સાથે ટકરાતા બે ના મૃત્યું

### કારમાં સવાર હોટલ માલિક અને સગીર કારીગરનું મૃત્યું

ગાંધીનગર,તા.૩૧

ચિલોડા-હિંમતનગર હાઈ-વે માર્ગ પર ધણપ ગામના પાટીયા નજીક ટાયર ફાટતા બ્રેઝા કાર ધડાકાભેર ઝાડ સાથે ટકરાઈ હતી. આ અકસ્માતમાં હોટલ માલિક અને સગીર કારીગરનું કમકમાટીભર્યુ મૃત્યું નિપજયુ હતું. અકસ્માતમાં કારનો ખુડદો બોલી જતા ફાયર બ્રિગેડ અને ક્રેઈનની મદદથી કારીગરનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતા વિનોદભાઈ જયરામભાઈ પટેલ હોટલ ચલાવે છે. તેમની પાસે ઘણા સમયથી રાજસ્થાનનો કારીગર કામ કરે છે. હોટલ માલિક અને કારીગર રાજસ્થાનની પરત આવી રહ્યા હતા. તે સમયે ધણપ અંજલી હોટલ પાસો અચાનક કારનું ટાયર ફાટ્યું હતું. કારનું ટાયર ફાટતા હોટલ માલિકે કાર પરનો કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડી ગઈ હતી અને ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં કારની સેફટી બેગ પણ ખુલી ગઈ હતી. જો કે કાર ઝાડ સાથે ધડાકાભેર ટકરાતા કારના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. કાર ચાલક અને કારીગરને બહાર નીકાળવા માટે ફાયર બિગ્રેડના જવાનો અને ક્રેઈનની મદદ લેવી પડી હતી. બનાવનો પગલે મોટીસંખ્યામા નાગરીકો એકઠા થઈ ગયા હતા. કાર માલિક નો તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. તો બીજીતરફ કારીગરનું કારમાં જ ગંભીર ઈજાને પગલે મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતા ચિલોડા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક પહોંચીને આગળની તપાસ હાથ ધરી હતી.

## રાષ્ટ્રીય જલ મિશન અંતર્ગત ચિલોડા ખાતે જલ અભિયાન અંગે ખાસ ગ્રામસભા યોજાઈ



ચિલોડા, તા. ૩૧

૨૯મી માર્ચના રોજ દરેક ગામમાં રાષ્ટ્રીય જલ મિશન જલ અભિયાન અંતર્ગત ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ખાતે ગામના સરપંચ શ્રીમતી શ્વેતલબેન જયમીનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ વાગે ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી દ્વારા આ વિષય પર સંવાદ અને ઉદ્દ્બોધનમાં ગ્રામજનોએ ભાગ લીધો. આ ગ્રામસભામાં ગામના સરપંચ શ્રીમતી શ્વેતલબેને જળ અભિયાન અંતર્ગત જળ સંરક્ષણ, તેનું આયોજન, પાણીના સ્ત્રોતો જળ એ જ જીવન, પાણીનો દુવ્યય અટકાવવો, વરસાદી પાણીનો ઘરે પાણીના ટાંકા બનાવી પીવાલાયક પાણીનો સંગ્રહ કરવો, પાણીની અછત નિવારવાના જરૂરી પ્રાથમિક પગલાં લેવા વગેરે વિષયો પર ચર્ચા કરી હતી. આ ગ્રામસભામાં ગ્રામ પંચાયતના સભ્યો, આશાવર્કર બહેનો, પ્રામિક શાળાના શિક્ષકો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં સરપંચ શ્રીમતી શ્વેતલબેને ઉપસ્થિત લોકોને હિન્દી ભાષામાં જળ શપથ લેવડાવ્યા હતાં. આ ગામ સભામાં નોડલ અધિકારી તથા ગામના તલાટી કમ મંત્રી અંકિતાબેન પટેલ હાજર રહ્યા હતા.



ઘ-૩ થી ચ-૩ તરફ જવાના માર્ગે પાણીની પાઈપ લીકેજ થઈ છે. જેના કારણે પાણી રોડ ઉપર વહી રહ્યુ છે. આ પાઈપલાઈન અવારનવાર રીપેર કરવા છતાં આ સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી.

# મોટી આદરજ ગામે કલીનીકમાં તસ્કરો ત્રાટકીને ડોક્યુમેન્ટ-કપડાની ચોરી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ ગામે ગુડલાઈફ હેલ્થ કેર કલીનીકમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટકયા હતા. કલીનીકમાં પ્રવેશ કરીને હેલ્થકેર ચલાવતા વ્યકિતના જરુરી ડોક્યુમેન્ટ, ૨ હજાર રોકડ અને ત્રીસ જોડી કપડા લઈ ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મોટી આદરજ રેલ્વે ફાટક પાસે ડો. જોગારામ ઘમંડારામ પરમાર (મેઘવાલ) ડોકટર તરીકે પ્રેકટીસ કરે છે. મોટી આદરજ ખાતે ભાડાના મકાનમાં ગુડલાઈફ હેલ્થ કેર કલીનીક ચલાવું છું. જોગારામ કલીનીકમાં જ રહે છે અને તેમની પાસે ડોકટરની બીએચએમએસ તેમજ સીએમએસની ડીગ્રી ધરાવે છે. જોગારામના પરિવારમાં માતા, નાની બેન રાજસ્થાન ખાતે રહે છે.જયારે તેઓ જરુરી સામાન અને દસ્તાવેજો અને સર્ટીફિકેટ આદરજ ગામે કલીનીકમાં રાખતા હતા. ત્યારે ગત તા.૧૯ માર્ચના રોજ જોગારામના ભાણાનું અવસાન થતા બપોરના સમયે તેઓ કલીનીકને તાળુ મારી વતન જવા માટે નીકળી ગયા હતા. જયારે તા.૨૬ માર્ચના રોજ સવારના આશરે સાડા નવ વાગે ગામના મહેન્દ્રભાઈ ઠાકોરનો ફોન આવ્યો હતો અને તેઓએ ડોકટરને જણાવ્યું કે તમારા કલીનીકનો દરવાજો ખુલ્લો છે. તમે કયા છો, જેથી ડોકટરે જણાવ્યું કે હું રાજસ્થાન છુ અને રાત સુધીમાં આવી જઈશ. રાત્રીના અગીયાર વાગે કલીનીક ખાતે પહોંચીને જોયુ તો નકુચો તુટેલ હતો અને કલીનીકની અંદર તમામ સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. જયારે ટેબલના ખાના પણ ખુલ્લા હતા અને ડોક્યુમેન્ટની ફાઈલ ન હતી. તે ઉપરાંત ટેબલમાં રહેલા રોકડા રૂ.૨ હજાર પણ ન હતા. કલીનીકના માળીયામાં મુકેલી ૩૦ જોડી કપડાની બેગ પણ ન હતી. જયારે ડોક્યુમેન્ટની ફાઈલમાં ધોરણ-૧૦-૧૨ ના સર્ટીફિકેટ અને માર્કશીટ, બીએચ એમ એસના ચાર વર્ષની માર્કશીટ તેમ સર્ટીફિકેટ, બીએચએમએસનું ડીગ્રી સર્ટીફિકેટ, પ્રોવીજનલ સર્ટીફિકેટ, માઈગ્રેશન સર્ટીફિકેટ, આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ, બેંકની પાસબુકો, જાતીનું પ્રમાણપત્ર,સહિતના અગત્યના ડોક્યુમેન્ટ હતા. ત્યારે ડોકટર દ્વારા ગામમાં તેમજ આસપાસના વિસ્તારમાં ડોક્યુમેન્ટ અંગે શોધખોળ કરવામાં આવી હતી. ચોર શખ્સે ડોક્યુમેન્ટની ફાઈલ ફેંકી દીધી હોય અને મળી જાય તો તેથી શોધખોળ કરી હતી. પરંતુ ડોક્યુમેન્ટની ફાઈલ, રોકડા રૂ.૨ હજાર અને ૩૦ જોડી કપડાની ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



પેટ્રોલ-ડીઝલ અને રાંધણ ગેસના સતત વધી રહેલા ભાવ વધારાને પગલે કોંગ્રેસ દ્વારા ઠેરઠેર વિરોધ પ્રદર્શન કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર કોંગ્રેસ દ્વારા પણ છાવણી ખાતે અનોખો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જેમાં ગેસના બાટલા અને બાઈકને ફુલહાર પહેરાવી બેસણું યોજી શ્રધ્ધાંજલિ આપી હતી.આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસના આગેવાન હિમાશું પટેલ, નિશિત વ્યાસ, કોંગ્રેસ જિલ્લા પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, શહેર પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા, મુકેશ મારૂ સહિત હોદેદારો અને કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## અડાલજના ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ દિવસ બાદ આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે પરંતુ જે રીતે છુટાછવાયા કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને રિકવરી રેટ ૯૮ ટકાએ પહોંચ્યો છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ બે દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૦૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# જો વધારે ફી લેવાશે તો પગલા ભરવામાં આવશે

ગાંધીનગર, તા.૩૧

રાજયની શાળાઓ હવે એફઆરસીએ નક્કી કરેલી ફી કરતા વધારે ફી નહીં ઉઘરાવી શકે અને જો વધારે ફી લેવાશે તો કાયદેસરના પગલા ભરવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી શિક્ષણમંત્રી જીતુ વાઘાણી દ્વારા આપવામાં આવી છે. તાજેતરમાં જ શાળાઓને મનમાગી ફી નહીં ચૂકવનાર વિદ્યાર્થીઓને કાઢી મૂકવાના કિસ્સાઓ સામે આવ્યા છે. એફઆરસીએ નક્કી કરેલી ફી નહીં માનનારી સ્કૂલોએ પણ હવે એફઆરસીએ નક્કી કરેલી ફી જ માન્ય રાખવી પડશે.

**સ્કૂલોમાં ફી મામલે શિક્ષણમંત્રીનું નિવેદન : એફઆરસીએ નક્કી કરેલી ફી નહીં માનનારી સ્કૂલોએ પણ હવે એફઆરસીએ નક્કી કરેલી ફી માન્ય રાખવી પડશે**

સ્કૂલોમાં ફી મામલે શિક્ષણ મંત્રી જિતુ વાઘાણીએ જણાવ્યું કે, રાજ્યની કોઈ પણ શાળા હોય તે શાળા FRC વિરુદ્ધ ફી લેતા હોય તેની સામે સરકાર પગલાં લેશે. કોઈ પણ સ્કૂલની મનમાની ધ્યાને આવશે તો તેની સામે કડકમાં કડક એક્શન લઈશું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં રાજ્ય સરકારના આદેશને ધોઈને પી ગયેલા સંચાલકો ફી મુદ્દે પોતાની મનમાની ચલાવી રહેલા જોવા મળી રહ્યા છે. અગાઉ અનેક વખત FRCના નિયમ વિરુદ્ધ સ્કૂલ ફી ઉઘરાવતી હોવાનો આરોપ લાગી ચૂક્યા છે.

**જાહેરાત**

सत्यमेव जयते
ગુજરાત સરકાર

## કોવિડ-૧૯થી મૃત્યુ સહાય (Ex-gratia payment)

**ગુજરાત સરકાર**

"રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂ.૫૦,૦૦૦ની સહાય **(ex-gratia assistance)**મેળવવા તા.૨૦/૦૩/૨૦૨૨ સુધીના મૃત્યુના કિસ્સામાં, નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા તા.૨૪/૦૩/૨૦૨૨ થી **દિન-૬૦**ની અંદર અને તા.૨૦/૦૩/૨૦૨૨ પછી કોવિડ-૧૯થી થયેલ/થનાર ભાવિ મૃત્યુના કિસ્સામાં મૃત્યુની તારીખથી **દિન-૯૦**ની અંદર સહાય મેળવવા સંબંધિત સક્ષમ અધિકારી સમક્ષ તેમજ **www.iora.gujarat.gov.in/Cov19_login.aspx** પોર્ટલની લિન્ક પર મોબાઈલ નંબર દાખલ કરી ઘરે બેઠા ઓનલાઈન અરજી કરી શકાશે"

"અસામાન્ય સંજોગોમાં ઉક્ત સમયમર્યાદામાં અરજી કરી શક્યા ન હોય તેવા અરજદારોએ આવી સમયમર્યાદા બહારની અરજી જરૂરી આધાર-પુરાવા સાથે Grievance Redressal Committee (ફરિયાદ નિવારણ સમિતિ) સમક્ષ ઉક્ત સમયમર્યાદા બહાર પણ કરવાની રહેશે."

**જો કોઈ વ્યક્તિ બદઈરાદાપૂર્વક ખોટા પુરાવાઓ રજૂ કરીને સહાય લેવા માટે અરજી કરશે તો તે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ-52 મુજબ શિક્ષાને પાત્ર રહેશે.**

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ ની કલમ-52 ની જોગવાઈ**

**52. ખોટા દાવા માટે સજાઃ-**

**"જે જાણી જોઈને એવો દાવો કરે છે જે ખોટા હોવાનું તે જાણે છે છતાં કોઈપણ આપત્તિના પરિણામે પુનર્નિર્માણ અથવા અન્ય લાભો કેન્દ્ર સરકાર, રાજ્યના કોઈપણ અધિકારી પાસેથી રાહત, સહાય મેળવે તો સરકાર, નેશનલ ઓથોરિટી, સ્ટેટ ઓથોરિટી અથવા ડિસ્ટ્રીક્ટ ઓથોરિટી દોષિત ઠેરવી શકે છે અને દોષિત ઠેરવવા પર બે વર્ષ સુધીની મુદત માટે કેદની સજા અને દંડ પણ થઈ શકે છે."**

**મહેસૂલ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર**